# શિક્ષણ વિભાગના તા.૨૬/૦૬/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : પરચ/૨૦૧૫ /૮૪ / ખ–૧ સાથેનું પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | રિમાકર્સ | યુનિવર્સિટી/ LIC નો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | જે વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવાની દરખાસ્ત છે. તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા / વિષયની નવી કોલેજ શરૂ કરવાની જરૂરિયાત છે, તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા આપવી. | | |
| ૨ | કોલેજ સંયુકત શિક્ષણની શરૂ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરૂ કરવાની છે ? તે જણાવવું. | | |
| ૩ | તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે ? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેસે છે ? સરેરાશ પરિણામ કેટલું આવે છે ? તે દર્શાવીને આ માટે જે તે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૪ | સંચાલન કરનારી સંસ્થા / ટ્રસ્ટની સંપૂર્ણ વિગતો આપવી તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવહાલાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે લેખિત પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૬ | મુલાકાતની તારીખે ટ્રસ્ટ / સંસ્થા પાસે મિલ્કતો, અસ્કયામતો વગેરેની વિગતો (૭ / ૧૨ના ઉતાર, મકાન બાંધકામ પ્રમાણપત્ર, પ્લાન, નકશાની વિગતો આધાર સાથે) આપવી. | | |
| ૭ | ટ્રસ્ટ / સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની વિગતો આપવી. | | |
| ૮ | હાલના અને ભવિષ્યના વિકાસને અનુરૂપ કોલેજ બિલ્ડીંગ છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |

| | | | |
|---|---|---|---|
| ૯ | એકેડેમિક બિલ્ડીગમાં સગવડતાઓ–સેમીનાર રૂમ, વ્યાખ્યાન રૂમો, લેબોરેટરી તથા વિધાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૦ | કેન્દ્ર / રાજયસરકાર / પીડબલ્યુડી / મ્યુનિસિપાલીટી / ગ્રામ પંચાયતના પાણી, વીજળી, હવાઉજાસ, ટોયલેટ, ગટરલાઈન અંગેના પ્રમાણપત્રો સહિત બી.યુ. પ્રમાણપત્ર સામેલ રાખવા. | | |
| ૧૧ | સંસ્થા / ટ્રસ્ટ પાસે બોજા મુકત એફ.ડી.આર હોય તેની આધાર સહિત વિગતો આપવી. | | |
| ૧૨ | સંસ્થા / ટ્રસ્ટ પાસે બોજા મુકત બેંક બેલેન્સ છે કે કેમ ? જો હા, તો આધાર–પુરાવાની પ્રમાણિત નકલ આપવી. | | |
| ૧૩ | શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી. જે નિયમાનુસાર અધ્યયન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પૂરતો છે કે કેમ ? તે જણાવવું. | | |
| ૧૪ | (અ) વિધાર્થીઓના છાત્રાલય માટે આયોજન હોય તો તે હવાઉજાસ ધરાવતું મકાન છે ? અને બાથરૂમ / ટોયલેટ, કપડા ધોવા, મહેમાનોના રહેવા / જમવા અંગેની પૂરતી વ્યવસ્થાઓ છે કે કેમ ? તે લેખિતમાં આધાર સહ મેળવવું. (બ) જે વિધાર્થીઓ ભાડાના મકાન અથવા સંસ્થાના છાત્રાલયમાં નિવાસ કરતાં હોય, તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે ? તેની વિગતો આપવી. | | |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ગ્રંથાલય માટેની સગવડો શી છે ? તેમાં પુસ્તકો / જર્નલ્સની સંખ્યા જણાવવી. તેમ જ આદિજાતિ / અનુસૂચિત જાતિ / આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટેની બુક બેંક યોજના છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૧૬ | લેબોરેટરી મકાન, સાધનો, કોમ્પ્યુટર, પ્રિન્ટર એ.સી., ઈન્ટરનેટ વગેરેની સગવડો શરૂ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૧૭ | રમત –ગમતના મેદાનની વિગતો આપવી. | | |
| ૧૮ | વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૯ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૨૦ | સરકારશ્રીના નિયમ અનુસાર અનામત રાખવાના ફંડ, રોજબરોજના ખર્ચાની જોગવાઈઓ અંગેની બાંહેધરીઓ સામેલ રાખવી. | | |
| ૨૧ | યુનિવર્સિટી / વૈધાનિક સતામંડળો / સરકારશ્રીના સર્વીસ રૂલ્સ અને પગાર, સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી, પ્રવેશ તેમ જ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો / રેકર્ડ / હિસાબો રાખવા તેમ જ ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન અંગેની અધિકૃત વેબસાઈટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેના નીતિ–નિયમોના પાલન કરવાની બાંહેધરીઓ આપવી. | | |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | સંસ્થા / ટ્રસ્ટના છેલ્લા બે વર્ષના ઓડિટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી. | | |
| ૨૩ | ટ્રસ્ટ / સંસ્થા વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં કોઈ કેસ પડતર હોય અથવા વિરૂધ્ધ ચુકાદો આવેલ હોય તો, તે અંગેની વિગતો આપવી. | | |
| ૨૪ | અભ્યાસક્રમ શરૂ કરતા પૂર્વે જે તે વૈદ્યાનિક સત્તામંડળોની પૂર્વ અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ ? અને જો હા તો તે મેળવવામાં આવી છે કે કેમ ? તે આધાર સહિત જણાવવું | | |
| ૨૫ | (અ) યુનિવર્સિટી /રાજય સરકાર/વૈદ્યાનિક સત્તામંડળ દ્વારા મૂકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા/ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ ? જો ના તો, હવે પછી કેટલી સમયમર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે ?<br>(બ)વધુમાં, યુનિવર્સિટી દ્વારા અગાઉ નિમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો / ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ,તેમાંથી હવે કઈ શરતો/ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે ? અને આ ખામીઓ દૂર કરવા અંગે સંસ્થા/ કોલેજ દ્વારા શાં સુધારાત્મક પગલાં લેવાયા છે. તેની વિગતો આપવી. | | |

**કોલેજના આચાર્યશ્રીનો સહી અને સિકકો** **સ્થાનિક તથાસ સમિતિના સભ્યોની સહી** **(યુનિવર્સિટીના રજીસ્ટ્રારના સહી–સિકકા અને યુનિવર્સિટીનું સીલ)**